**આંક–૨૭**

રજુ તારીખ : ૧૬–૦૨–૨૦૧૬
દાખલ તારીખ : ૧૬–૦૨–૨૦૧૬
ફેંસલ તારીખ : ૧૫–૦૯–૨૦૨૨
સમયગાળો : ૦૬–વર્ષ ૦૬–માસ ૩૦–દિવસ

**શ્રી બી.એસ.ભટ્ટ, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં. ૧૦૦/૨૦૧૬**

એન.એસ.પી.સબમર્સીબલ પંપ લી.,
૨૫૦, દેવી મસાલા કંપની પાસે,
જીઆઈડીસી, નરોડા, અમદાવાદ. **...પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

ભગાભાઈ કોહ્યાભાઈ પટેલ,
વ્યાસવાડી, નરોડા, અમદાવાદ.
૮/૦, સહકાર કામદાર યુનીયન,
અજીત મીલ સામે,
રખીયાલ રોડ, અમદાવાદ. **...બીજા પક્ષકાર**

**<u>વિષય :– આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)(સી) મુજબ ઔધોગિક વિવાદ</u>**

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી વાય.આર.ઉપાધ્યાય.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી એસ.કે.કાઝી.

**<u>–: એ વો ર્ડ :–</u>**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા.૨૮/૦૧/૨૦૧૬ ના ક્રમાંક: નાશ્રઆ/અવિ/વિ.૩/આઈડીઆર નં. ૩૦૧/૨૦૧૫/૧૬૧૯ ના પત્રથી બીજા પક્ષકાર ભગાભાઈ કોહ્યાભાઈ પટેલનાએ આઈ.ડી.આર. કેસ નં. ૩૦૧/૨૦૨૦ અંતર્ગત બીજા પક્ષકારે નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔધોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ–૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત, અમદાવાદને કરવાની સુચના આપવામાં આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**અનુસૂચિ :–** ભગાભાઈ કોહ્યાભાઈ પટેલ, વ્યાસવાડી, નરોડા, અમદાવાદને તેમની સળંગ નોકરી

ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) બીજા પક્ષકારે આંક–૧ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં વિગત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં દૈનિક રુા.૩૫૦/– પગારથી કારીગર તરીકે ૩ વર્ષથી કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને પગાર સિવાય બીજા કોઈ હક લાભ આપતા ન હતા જેથી બીજા પક્ષકારે બાકી પગાર તથા કાયદેસરના હકોની માગણી કરતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતની નોટીસ કે નોટીસપગાર કે બેકારી વળતર કે અન્ય કાયદેસરના હકોનુ વળતર ચુકવ્યા વિના તા.૫–૧૧–૨૦૧૫ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલા. બીજા પક્ષકારે છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકારને ડીમાન્ડ નોટીસ મોકલેલ જે મળવા છતાં પ્રથમ પક્ષકારે જવાબ ન આપતા તેમજ પુન:સ્થાપિત ન કરતા બીજા પક્ષકારે મદદનીશ મજુર કમીશનર સમક્ષ ફરીયાદ લખાવેલ ત્યાં પણ સદર કામે સમાધાન ન થતાં રેફરન્સ ન્યાયનિર્ણય માટે નામદાર કોર્ટમાં રીફર કરવામાં આવેલ. બીજા પક્ષકારે તેમને છુટા કર્યા બાદ નોકરી મેળવવા બીજે ઘણા પ્રયત્નો કરેલા પરંતુ કોઈ નોકરી કે કામ મળેલ નહી. બીજા પક્ષકાર હાલ બેકાર છે. પ્રથમ પક્ષકાર કામ પર રાખે તો બીજા પક્ષકાર જવા તૈયાર છે. આમ, આમ, બીજા પક્ષકારે તા.૫–૧૧–૨૦૧૫ના રોજથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલાનુ ઠરાવી પડેલા દિવસોના પુરા પગાર તથા આનુસાંગિક લાભો સહીત મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુન:સ્થાપિત કરવાનો હુકમ ફરમાવવા તેમજ રેફરન્સ ખર્ચની માગણી કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારને નોટીસ બજવા છતા તેઓ જાતે કે તેમના વકીલ મારફતે હાજર થયેલા ન હોય આંક–૪થી જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામમાં બંને પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

બીજા પક્ષકાર તરફે મૌખિક પુરાવો :–

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર પટેલ ભગાભાઈ કોહ્યાભાઈનુ સોગંદનામુ | આંક–૫ |
| ૨ | બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીશ | આંક–૨૫ |

બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવો નથી.

પ્રથમ પક્ષકાર તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

| | | |
|---|---|---|
| ૧ | પે.વે.અરજી નં.૬૨૪/૧૫ ની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧ |
| ૨ | નામ.કોર્ટે સંસ્થાને તા.૨૪–૧૧–૧૫ના રોજ નમુના.૫ અન્વયે કાઢેલ નોટીસની પ્રમાણીત ઝેરોક્ષ નકલ | નિ.૨૧/૨ |
| ૩ | પે.વે.અરજીમાં તા.૧૧–૨–૧૭ના રોજ પસાર કરેલ હુકમની પ્રમાણીત | નિ.૨૧/૩ |

| | | |
|---|---|---|
| | ઝેરોક્ષનકલ | |
| ૪ | રીકવરી અરજી નં.૭૦૧/૧૭ થી દાખલ કરેલ જેની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૪ |
| ૫ | નામ.કોર્ટે સંસ્થાને તા.૨૬–૭–૧૭ના રોજ વસુલાત બાબતે કાઢવામાં આવેલ નોટીસની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૫ |
| ૬ | ના.કોર્ટ તરફથી રીકવરી અરજીમાં તા.૭–૧૨–૧૮ ના રોજ પસાર કરેલ હુકમની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૬ |
| ૭ | કામદારે ના.કોર્ટ સમક્ષ રેફરન્સ નં.૧૦૦/૧૬ દાખલ કરેલ જેની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૭ |
| ૮ | ના.કોર્ટ તરફથી સંસ્થાને તા.૨૪–૨–૧૬ના રોજ ન્યાયનિર્ણય માટે કાઢેલ નોટીસની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૮ |
| ૯ | કામદારે અગાઉ નામ.કોર્ટ સમક્ષ રેફરન્સ નં.૫૭૮/૧૬ દાખલ કરેલ જેની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૯ |
| ૧૦ | નામ.કોર્ટ તરફથી સંસ્થાને તા.૧–૧૦–૧૬ ના રોજ ન્યાયનિર્ણય માટેના કેસમાં કાઢેલ નોટીસની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧૦ |
| ૧૧ | રેફરન્સ કેસ નં.૫૭૮/૧૬માં આંક–૫થી તા.૧૫–૩–૧૭ના રોજ જુબાની સ્વરુપે રજુ કરવામાં આવેલ સોગંદનામાની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧૧ |
| ૧૨ | કામદાર ધ્વારા કોર્ટ સમક્ષ દાખલ કરેલ રીકવરી અરજી નં.૨૫૨/૧૮ની ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧૨ |
| ૧૩ | ના.કોર્ટ તરફથી સંસ્થાને તા.૫–૬–૧૮ના રોજ વસુલાત બાબતે કાઢ વામાં આવેલ નોટીસની ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧૩ |
| ૧૪ | ના.કોર્ટ તરફથી રીકવરી અરજીમાં તા.૧૨–૧૨–૧૮ ના રોજ પસાર કરેલ હુકમની પ્રમાણીત ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧૪ |
| ૧૫ | કામદાર ધ્વારા ના.કોર્ટ સમક્ષ દાખલ કરેલ પગારધારા અરજી નં.૩૭૨/૧૮ ની ઝેરોક્ષ નકલ | નિ.૨૧/૧૫ |
| ૧૬ | નામ.કોર્ટ તરફથી સંસ્થાને તા.૨૧–૭–૧૮ ના રોજ નમુના.૫ અન્વયે કાઢવામાં આવેલ નોટીસની ઝેરોક્ષ નકલ | નિ.૨૧/૧૬ |
| ૧૭ | નામ.કોર્ટ તરફથી સદર પગારધારા અરજીમાં તા.૧૩–૭–૧૯ ના રોજ પસાર કરેલ હુકમની ઝેરોક્ષનકલ | નિ.૨૧/૧૭ |

**(૫)** સદર કામે બીજા પક્ષકાર રજુ થયેલ સોગંદનામાની ઉલટતપાસ માટે પ્રથમ પક્ષકાર તરફે હાજર રહેલ ન હોય આંક–૫થી પ્રથમ પક્ષકારનો કામદારની ઉલટતપાસ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ કામદાર તરફે કલોઝીંગ પુરસીશ રજુ થયેલ. પ્રથમ પક્ષકાર તરફે પુરાવો રજુ થયેલ ન હોય

આંક–૮ થી પ્રથમ પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે ત્યારબાદ સદર કામ દલીલો પર હોઈ બીજા પક્ષકારના યુનીયન પ્રતિનિધિની દલીલો સાંભળી જયારે પ્રથમ પક્ષકાર તરફે દલીલો માટે હાજર ન હોય પ્રથમ પક્ષકારની દલીલો કરવાનો હક બંધ કરી આંક–૯થી રેફરન્સ મંજુર કરવામાં આવેલ અને બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તેમજ આનુસાંગિક લાભો સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો અને ખર્ચના રુા.૫,૦૦૦/– ચુકવી આપવાનો તા.૧૩–૪–૨૦૧૭ના રોજ એવોર્ડ ફરમાવેલ. જે એવોર્ડ કોર્ટની નોટીસ બોર્ડ પર તા.૩–૭–૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ થતા સામાવાળાએ સદર એકતરફી હુકમ વિરુધ્ધ આઈ.ડી.એકટ પરચુરણ અરજી નં.૧૮૭/૧૭ દાખલ કરેલ જે ચાલી જતાં સામાવાળાએ હુકમ મુજબની ખર્ચની રકમ રુા.૧૫,૦૦૦/– કામદારને ચુકવી આપતા મુળ રેફરન્સ ન.૧૦૦/૨૦૧૬ ફરી બોર્ડ પર લેવામાં આવતા સામાવાળા તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આંક–૧૫થી તેમના વકીલનુ વકીલાતનામુ રજુ થયેલ છે અને આંક–૧૬થી પ્રથમ પક્ષકાર તરફે લેખીત જવાબ રજુ કરેલ છે તેમાં તેઓ જણાવે છે કે મદદનીશ મજુર કમીશનર, અમદાવાદે ઉપરોકત પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ નામ.કોર્ટને ન્યાયનિર્ણય માટે સોંપેલ છે તે ખોટો અને ગેરકાયદેસર છે. પ્રથમ પક્ષકાર પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરી જણાવે છે કે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કયારેય કામ પર રાખેલ નથી તેઓ પ્રથમ પક્ષકારના કામદાર નથી અને પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે કામદાર માલીકનો સંબંધો અસ્તિત્વમાં નથી. વધુમાં બીજા પક્ષકારના માગણાના નિવેદનમાં જણાવેલ કથનો બીજા પક્ષકારે પુરાવાથી સાબીત કરવા જોઈએ. હકીકતમાં બીજા પક્ષકારે કદી પણ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર તરીકે કામ કરેલ નથી કે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કદી પણ તેમની સંસ્થામાં કામે રાખેલ નથી જેથી રેફરન્સ કાયદેસર ચાલી શકે તેમ નથી. બીજા પક્ષકારે આ સિવાય અન્ય બીજો ખોટો રેફરન્સ નં.૫૭૮/૧૬ ઉપસ્થિત કરેલ છે જે ન્યાયનિર્ણય માટે પડતર છે. આમ, બીજા પક્ષકાર ખોટી રીતે પ્રથમ પક્ષકાર જોડે પૈસા પડાવવાના બદઈરાદાથી આવા કેસો દાખલ કરતા હોય રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

સદર મુળ કામ રીસ્ટોર થયા બાદ પક્ષકારોને નોટીસ કરતા જે બજી ગયેલાનુ જણાય છે. આંક–૧૭થી અરજદારે સામાવાળાનો ઉલટતપાસનો હક બંધ કરવા અરજી આપેલ જે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ આંક–૧૮થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીશ રજુ થયેલ. ત્યારબાદ ફરીથી પ્રથમ પક્ષકારનો ઉલટતપાસનો હક બંધ થયેલ હોય જે રીઓપન કરવા આંક–૨૦થી અરજી આપેલ. ત્યારબાદ સદર કામ પ્રથમ પક્ષકારના પુરાવા માટે હોય પરંતુ પ્રથમ પક્ષકાર તરફે પુરાવો રજુ કરેલ ન હોય આંક–૨૪ થી પ્રથમ પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બીજા

પક્ષકાર તરફે તેમના વિ.પ્રતિનિધિશ્રીની દલીલો સાંભળી જયારે પ્રથમ પક્ષકાર તરફે દલીલો કરવા માટે કોઈ હાજર ન હોય આંક–૨૬થી તેમનો દલીલો કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવા માટે હકદાર છે?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૭)** આ કામે મજુર કમીશનરશ્રી, અમદાવાદ ધ્વારા તા.૨૮ જન્યુ.૨૦૧૬ ના રોજ રેફરન્સ થઈ આવતા તેના અનુસંધાને બીજા પક્ષકારે તા.૧૬–૨–૧૬ ના રોજ માગણાનુ નિવેદન રજુ કરેલ ત્યારબાદ પ્રથમ પક્ષકારને નોટીસ બજતા તેઓ હાજર રહી જવાબ રજુ કરેલ નથી કે બીજા પક્ષકારે આંક–પથી રજુ કરેલ મૌખિક પુરાવા રુપેની એફીડેવીટને પડકારવા માટે બીજા પક્ષકારની ઉલટતપાસ કરેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર તરફથી કોઈ પુરાવા પણ રજુ થયેલ નહી આથી કેસ એકતરફી ચાલેલો અને તા.૧૩–૪–૧૭ના રોજ હુકમ કરી અને રેફરન્સ કેસ મંજુર કરવામાં આવેલો. તેની જાણ પ્રથમ પક્ષકારને થતા તેઓ હાજર થયેલા અને એકતરફી હુકમ થયેલ તે રદ કરવા માટે પરચુરણ અરજી નં.૧૮૭/૨૦૧૭ થી અરજી કરેલી જે ચાલી જતાં તેમાં મુળ રેફરન્સ કેસ બીજા પક્ષકારને રુા.૧૫,૦૦૦/– ચુકવી આપ્યેથી ફરીફાઈલે લેવાનો તા.૩–૨–૨૦૧૮ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

આ કામે બીજા પક્ષકારે તેના માગણાના નિવેદનના સમર્થનમાં આંક–૮ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. બીજા પક્ષકાર તેના સોગંદનામામાં જણાવે છે કે તેઓએ પ્રથમ પક્ષકારને ત્યાં ૩ વર્ષ કારીગર તરીકે દૈનિક રુા.૩૫૦/– લેખે પગારથી નોકરી કરેલી. તેઓએ દર વર્ષે ૨૪૦ દિવસ પુરા કરેલ છે આ હકીકતને પ્રથમ પક્ષકાર ધ્વારા પડકારવામાં આવેલ નથી. પરંતુ પ્રથમ પક્ષકારે આંક–૧૬

થી બીજા પક્ષકારે માગણાના નિવેદનમાં જણાવેલ હકીકતો અંગે જવાબ રજુ કરી માગણાના નિવેદનની હકીકતને પડકારેલ છે. આ કામે બીજા પક્ષકારે તેઓએ દર વર્ષે ૨૪૦ દિવસ પુરા કરેલ છે તેવુ સરતપાસમાં જણાવેલ છે પરંતુ તે અંગે તેઓએ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે હાજરીપત્રક રજુ કરાવવા માટે કોર્ટમાં અરજી કરી અને પ્રથમ પક્ષકાર પાસેથી જે તે સમયગાળાના હાજરીપત્રક અસલ મંગાવેલ નથી કે તેની નકલ પણ મંગાવેલ નથી. બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ છે તે સાબીત કરવા માટે દસ્તાવેજી પુરાવા જેવા કે હાજરીપત્રક, હાજરીકાર્ડ રજુ કરવા જોઈએ જો તે તેઓ પાસે ન હોય તો તે રજુ કરાવવા માટે કોર્ટમાં અરજી આપી રજુ કરાવવાના પ્રયત્નો કરવા જોઈએ જો પ્રથમ પક્ષકાર કોર્ટના હુકમ મુજબ હાજરીપત્રક રજુ કરે નહી તો તેની સામે વિરુધ્ધનુ અનુમાન થઈ શકે. આ કામે બીજા પક્ષકારે તેઓએ પ્રથમ પક્ષકારની સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કરેલ છે તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે તે રજુ કરવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. આથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તા.૫–૧૧–૨૦૧૬ ના રોજ છુટા કરેલ તેના અગાઉના ૧૨ માસ દરમ્યાન બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ છે તે સાબીત થતુ નથી. આથી આઈ.ડી.એકટની કલમ ૨૫ એફનો લાભ મેળવવા બીજા પક્ષકાર હકદાર થતા નથી. આ કામના બીજા પક્ષકારે આંક–૮ થી રજુ કરેલ સરતપાસનુ સોગંદનામુ જોઈએ તો તેઓએ તેના સરતપાસના સોગંદનામામાં અગાઉ લેબર કોર્ટમાં રેફરન્સ કેસ નં.૫૭૮/૨૦૧૬ દાખલ કરેલ અને તેમાં તા.૧૫–૩–૧૭ ના રોજ જુબાની સ્વરુપે સોગંદનામુ રજુ કરેલ તે હકીકત જણાવેલ નથી. આ હકીકત બીજા પક્ષકારે તેના માગણાના નિવેદનમાં પણ જણાવેલ નથી. આ કામના બીજા પક્ષકારે અગાઉ કરેલ રેફરન્સ કેસમાં શું થયુ હતુ તે પણ બીજા પક્ષકારે તેના માગણાના નિવેદન કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. આ કામના બીજા પક્ષકારે અગાઉનો રેફરન્સ કેસ ફરી દાખલ કરવા સાથે વિડ્રો થયેલ હોવા અંગેનો પુરાવો પણ રજુ કરેલ નથી કે આ રેફરન્સ આ કોર્ટમાં કે અન્ય કોઈ કોર્ટમાં ચાલતો હોવા અંગે પણ કંઈ જણાવેલ નથી. આ કામે પ્રથમ પક્ષકાર ધ્વારા આંક–૧૬થી રજુ થયેલ જવાબ જોઈએ તો પ્રથમ પક્ષકારે તેના જવાબના પેરા.૧૫ માં જણાવેલ છે કે બીજા પક્ષકારે અમારી સામે બીજો ખોટો રેફરન્સ કેસ નં.૫૭૮/૨૦૧૬ કરેલ છે જે ન્યાયનિર્ણય માટે પડતર છે. આમ, ઉપરોકત હકીકતે બીજા પક્ષકારે તેના માગણાના નિવેદન તથા સરતપાસના સોગંદનામામા મહત્વની હકીંકતો છુપાવીને રેફરન્સ કેસ દાખલ કરેલ છે આથી પણ બીજા પક્ષકારે કરેલ હાલનો રેફરન્સ કેસ ચાલવાપાત્ર નથી. આમ, આ કામના બીજા પક્ષકાર તેમનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામના બીજા પક્ષકાર/કામદારનો રેફરન્સ (ટી) નં.૧૦૦/૨૦૧૬ નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૧૫-૦૯-૨૦૨૨

( ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE-GJ00472
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.૧, અમદાવાદ.

R.C.GOHEL, PA.